નં જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૫/૩૪
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ
વડી કચેરી,ઉધોગભવન,ગાંધીનગર
તા :- ૦૭/૦૭/૨૦૧૫

//પરિપત્ર//

વિષય:- નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણાં પરના વ્યાજમાં રાહત આપવા બાબત.

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ઉધોગકારોને નિગમ દ્વારા પ્લોટ/ શેડ/ ક્વાર્ટર/ રહેણાંક પ્લોટ તેમજ વાણિજ્ય પ્લોટ,ગોડાઉન,દુકાનો વગેરે ફાળવવામાં આવે છે, આવી ફાળવેલ મિલ્કતના બાકી લેણાં માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉધોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણાં ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુ થી નીચેની શરતો એ વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/માફી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે તારીખે ચુકવણું કરવામાં આવે તેની આગળની તારીખ સુધીના બાકી લ્હેણાં ની તમામ રકમ એક સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર થી જમા કરાવવાની રહેશે.
(૨) આ યોજના પરીપત્ર તારીખ થી તા ૩૧/૧૨/૨૦૧૫ સુધી અમલ માં રહેશે.
(૩) આ યોજના હેઠળ ૩% દંડકીય વ્યાજની રકમ પુરેપુરી માફ કરવામાં આવશે.
(૪) બાકી તમામ લ્હેણાંનું ચુકવણું એક સાથે કરવામાં આવે તે તારીખ સુધીનું જે કંઈ વિલંબીત વ્યાજ ચઢ્યું હોય તેમાં ૫૦% રાહત આપવામાં આવશે.
(૫) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણાં પરનું વ્યાજ અગાઊ ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહિ. રાહતની દરખાસ્ત વિભાગના હિસાબી અધિકારી શ્રી મારફત ચકાસણી કરી, પ્રાદેશિક મેનેજરશ્રી ની ભલામણ સહ વિભાગીય પ્રબંધક શ્રી દ્વારા મંજુર કરાવવાની રહેશે તથા મંજૂર કરેલ કેસ ની વિગતો પત્રક સ્વરૂપે કા.નિ(વસુલાત) ને પ્રગતિ અહેવાલ સહ દર (૧૫) દિવસે રજુ કરવાનાં રહેશે.
(૬) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણાં પરનું વ્યાજમાં રાહત રૂ! ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ) અથવા તેથી વધારે આપવાની થતી હોય તેવા કિસ્સામાં ઉપરોકત મુદ્દા નં .૫ માં જણાવ્યા પ્રમાણે વિભાગીય પ્રબંધકશ્રી ની સ્પષ્ટ ભલામણ સહ દરખાસ્ત વડી કચેરીએ મુખ્ય હિસાબી અધિકારીશ્રીને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.
(૭) આ યોજના અંતર્ગત દરખાસ્ત કરતાં પહેલાં ફાળવણીદાર દ્વારા આપવામાં આવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર નિગમના ખાતામાં જમાં કરાવવાના રહેશે.
(૮) સદરહું હુકમના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો નિગમના મુખ્ય હિસાબી અધિકારીશ્રીને પૃરછા કરવાની રહેશે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીઓ તરફ.

**નકલ રવાના :**

૧) પ્રમુખશ્રી , ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન...આ યોજનાની જાણ દરેક ઉધોગકારોને નોટીસથી તેમજ પરીપત્ર થી કરવા વિનંતી.
૨) નિગમના તમામ ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
૩) મેનેજર શ્રી (માર્કેટીંગ) જીઆઈડીસી , ગાંધીનગર આ યોજનાનો બહોળો પ્રચાર થાય તે રીતની જાહેર ખબર આપવા સારૂ.
૪) મેનેજર શ્રી (એસ એન્ડ એ) જીઆઈડીસી , ગાંધીનગર.........તરફ પરીપત્રને નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ

મદદનીશ મેનેજર(મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર